**રાજકોટનાં મહે. જ્યુ. મેજી. ફ.ક. (મેઈન) ની કોર્ટમાં, મુ:: રાજકોટ**

**ફોજદારી કેસ નં. 3658/2025**

**આંકઃ1**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપીઃ** **નં. ૧ સુનીલભાઈ બાબુરામ પ્રજાપતિ**
**નં. ૨ અરુણકુમાર ભગવતીપ્રસાદ નિસાદ**
**નં.૩ ભોલાભાઈ રામબહાદુર નિસાદ**
**નં.૪ દીપ ઉર્ફે સંદીપ અમરસિંહ નિસાદ**

**ગુન્હોઃ જુ. ધા. કલમ –૧૨ મુજબ**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ,ઉપર મુજબનો ગુન્હો કરેલ હોય સદરહું શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં **જુ. ધા. કલમ –૧૨** મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લીનોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે, આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપીઓને જુ. ધા. કલમ –૧૨ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૧૦૦/–(રૂપિયા એક સો પુરા) લેખે કુલ રૂા. ૪૦૦/–(રૂપીયા ચારસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ ચલણી નોટોનો સરકાર હસ્તક ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આ કામે કબ્જે કરવામા આવેલ મુદ્દામાલ મોબાઈલોનો જો કોઈ અગાઉનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવો અથવા તેની માલિકીપણાની ખરાઈ કરી તેના માલિકને પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૦૮/૦૩/૨૦૨૫
સ્થળ :–રાજકોટ.

(જે. જે. દવે)
જ્યુડી.મેજી.ફ.ક.(મેઈન),રાજકોટ
યુઆઈડી–જીજે૦૧૫૩૨